B-1/A75

અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ–૪–પાલડી વિભાગના વેજલપુર તાલુકાના મોજે જોધપુરની સીમના બ્લોક/સરવે નંબર–૩૭૮/૧ (વેજલપુરના જુના સરવે નંબર–૧૦૫૧+૧૦૫૫ પૈકી) ની ૪૨૪૪ ચોરસમીટર જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૫૧ ના ફાઈનલ પ્લોટ નંબર–૬૪/૧ ની ૨૮૦૨ ચોરસમીટર વાણીજયના હેતુવાલી બીનખેતીની પરવાનગીવાલી જમીનમાં આવેલ "Bsquare-I" (Binori Business square) એ નામની યોજનામાં .......... ફલોર ઉપર આવેલ શો–રૂમ/ઓફીસ નંબર–....... વાલી મીલકતનો બાનાખતનો કરાર (કબજા વગર).

લખાવી લેનારઃ–

(PAN-            )

પુખ્તવયના, ધરમે હીન્દુ,

રહેવાસી–......... અમદાવાદના

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં તમો અગર લખાવી લેનાર અથવા એલોટી એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં તમો લખાવી લેનારનો તથા તમો લખાવી લેનારના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, એકઝીકયુટરો વીગેરે તમામનો સમાવેશ થાય છે.

લખી આપનાર    બિનોરી બિલ્ડકોન

એ નામની ભાગીદારી પેઢી જેની ઓફીસનું સરનામું બિનોરી બિલ્ડકોન, સરવે નંબર–૩૭૮/૧, હઠીસીંહની વાડી સામે, ઈસ્કોન–આંબલી બીઆરટીએસ રોડ, ઈસ્કોન, સેટેલાઈટ, અમદાવાદ છે તેના વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર...

શ્રી વિષ્ણુભાઈ કૈલાસભાઈ શર્મા

ઉ.આ.વ.પુખ્ત, ધંધો વેપાર, ધરમે હીન્દુ,

રહેવાસી–અમદાવાદ.

જેમને હવે પછી આ બાનાખતના કરારમાં અમો અગર લખી આપનાર અથવા પ્રમોટર એ રીતે સંબોધવામાં આવ્યા છે જે શબ્દના અર્થમાં બિનોરી બિલ્ડકોન એ નામની ભાગીદારી પેઢીનો તથા તેના હાલના તથા વખતો વખતના ભાગીદારોનો તથા તેના સભ્યોનો તથા તેઓના વાલી, વારસો, એસાઈનીઓ, એડમીનીસ્ટ્રેટરો, એકઝીકયુટરો વીગેરે તમામનો સમાવેશ થાય છે.

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ–૪–પાલડી વિભાગના વેજલપુર તાલુકાના મોજે જોધપુરની સીમના બ્લોક/સરવે નંબર–૩૭૮/૧ (વેજલપુરના જુના સરવે નંબર–૧૦૫૧+૧૦૫૫ પૈકી) ની ૪૨૪૪ ચોરસમીટર જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૫૧ ના ફાઈનલ પ્લોટ નંબર–૬૪/૧ ની ૨૮૦૨ ચોરસમીટર વાણીજયના હેતુવાલી બીનખેતીની પરવાનગીવાલી જમીનમાં આવેલ "Bsquare-I" (Binori Business square) એ નામની યોજનામાં .......... ફલોર ઉપર આવેલ શો–રૂમ/ઓફીસ નંબર–....... સમચોરસમીટર– ....... (બીલ્ટઅપ), સમચોરસમીટર–....... (કારપેટ) (કારપેટ એરીયામાં નેટ યુઝેબલ એરીયાનો સમાવેશ થાય છે પરંતુ તેમાં બહારની દીવાલનો સમાવેશ થતો નથી પરંતુ તેમાં આવેલ આંતરીક દીવાલનો સમાવેશ થયેલો ગણાશે) ના બાંધકામવાલી મીલકત તથા યોજનાની જમીનમાં વરાડે પડતાં વણ વહેંચાયેલ સમચોરસમીટર– ....... ના હકકો સહીતની મીલકત અમો લખી આપનાર ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલી છે જેને હવે પછી આ બાનાખતના કરારમાં "સદરહુ મીલકત" એ રીતે સંબોધવામાં આવશે.

સદરહુ રેવન્યુ બ્લોક/સરવે નંબર–૩૭૮/૧ વાલી જમીન અંગે વાણીજયના હેતુલક્ષી બીનખેતીની પરવાનગી જીલ્લા કલેકટરશ્રી અમદાવાદ દ્વારા ક્રમાંક નંબર–સીબી/લેન્ડ–૧/એન.એ./એસ.આર.–૨૯૭/૨૦૦૯ થી તારીખ–૧૩/૭/૨૦૧૦ ના રોજ આપવામાં આવેલ છે તેમજ સદરહુ જમીન ઉપર બાંધકામ કરવા અંગેના પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન સમક્ષ રજુ કરતાં અમદાવાદ મ્યુની. કોર્પોરેશન દ્વારા તેની કચેરીના હુકમ નંબર–BHNTI/NWZ/310117/GDR/A7972/RO/M1 થી તારીખ–૮/૩/૨૦૧૭ થી પ્લાન મંજુર કરવામાં આવેલ છે જે મુજબ ૯૬ યુનીટ બનાવવામાં આવશે અને સ્ટ્રકચરમાં ગ્રાઉન્ડફ્લોર અને ઉપર તેરમાળ અને બે બેઈઝમેન્ટ એ પ્રમાણે બાંધકામ કરવામાં આવશે તેવું નકકી કરેલ છે.

સદરહુ ફાઈનલ પ્લોટ નંબર–૬૪/૧ ની ૨૮૦૨ ચોરસમીટર વાણીજયના હેતુવાલી બીનખેતીની પરવાનગીવાલી જમીન અમો લખી આપનારના કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામાં આવેલ છે.

સદરહુ જમીનમાં અમો લખી આપનાર ભાગીદાર પેઢીએ વાણીજય શો–રૂમ/ઓફીસની યોજના સાકાર કરવાનું નકકી કરી તે યોજના સાકાર કરવા આર્કીટેકટ, એન્જીનીયર તથા કોન્ટ્રાકટર વીગેરેની નીમણુક કરી કોમન સુવીધાઓની જોગવાઈ કરી યોજનાના પ્લાન બનાવી તે પ્લાન અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા મંજુર કરવામાં આવેલ છે તથા પ્રોજેકટ શરૂ કરવા અન્ય તમામ જરૂરી મંજુરીઓ મેળવી "Bsquare-I" (Binori Business square) એ નામથી શો–રૂમ/ઓફીસોની યોજના

અમો લખી આપનારે સાકાર કરેલ છે.

સદરહુ મીલકત સરકારી તથા અર્ધસરકારી રેકર્ડમાં તથા અન્ય રેકર્ડમાં અમો લખી આપનારના નામે કુલ સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે ચાલે છે તે મીલકત આજરોજ આ બાનાખતના કરારથી અમો લખી આપનાર તમો લખાવી લેનારને વેચાણ આપવાનું નકકી કરીએ છીએ તેના નંબર માપ તથા ખુંટચારની વીગત,...

## પરીશીષ્ટ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ–૪–પાલડી વિભાગના વેજલપુર તાલુકાના મોજે જોધપુરની સીમના બ્લોક/સરવે નંબર–૩૭૮/૧ (વેજલપુરના જુના સરવે નંબર–૧૦૫૧+૧૦૫૫ પૈકી) ની ૪૨૪૪ ચોરસમીટર જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૫૧ ના ફાઈનલ પ્લોટ નંબર–૬૪/૧ ની ૨૮૦૨ ચોરસમીટર વાણીજયના હેતુવાલી બીનખેતીની પરવાનગીવાલી જમીનમાં આવેલ "Bsquare-I" (Binori Business square) એ નામની યોજનામાં .......... ફલોર ઉપર આવેલ શો–રૂમ/ઓફીસ નંબર–....... સમચોરસમીટર– ....... (બીલ્ટઅપ), સમચોરસમીટર–....... (કારપેટ) ના બાંધકામવાલી મીલકત તથા યોજનાની જમીનમાં વરાડે પડતાં વણ વહેંચાયેલ સમચોરસમીટર– ....... ના હકકો સહીતની મીલકત.

જેના ખુંટચારની વીગત,...

પુરવે :–

પશ્ચીમે :–

ઉત્તરે :–

દક્ષીણે :–

એ રીતેના નંબર માપવાલી મીલકત તથા તેમાં આવેલ ઈલેકટ્રીક ફીટીંગ્સ ચાલુ વપરાશ સાથેની તથા ઈલેકટ્રીક સરવીસના હકકો સહીતની તથા સદરહુ યોજનામાં આવેલ કોમન સુવીધાઓ ફકત વાપરવાના વરાડે પડતાં હકકો સહીતની મીલકત તથા સદરહુ યોજનાની જમીનમાં વરાડે હકકો સહીતની મીલકત તથા સદરહુ મીલકતના રસ્તાના તથા ચાલનીકાલના વાપરવાના હકકો સહીતની મીલકત તથા સદરહુ મીલકત પરત્વે અમો લખી આપનારના જે જે અને જેટલા જેટલા હકકો આવેલા છે તથા પોષાય છે તે તે તમામ હકકો સહીતની મીલકત કુલ અભરામ ન દાવે અઘાટ વેચાણ રૂા........... અંકે રૂપીયા .......... પુરામાં અમો લખી આપનારે તમો લખાવી લેનારને વેચાણ આપવાનું નકકી કરી તેના બાનામાં નીચે જણાવેલ રકમ લઈ સદરહુ મીલકતનો શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો વેચાણ દસતાવેજ વખતે સોંપવાનું નકકી કરેલ છે.

સદરહુ ઉપરોકત અવેજમાં મેઈનટેનન્સ ડીપોઝીટ, મેઈનટેનન્સ ચાર્જીસ, સર્વીસ ટેક્ષ, વેટ ટેક્ષ, ઈલેકટ્રીકસીટી કંપનીના ચાર્જીસ, તથા મ્યુની. કોર્પોરેશનના ચાર્જીસ તથા લીગલ ચાર્જીસનો સમાવેશ થતો ના હોઈ તે રકમ અલગથી

તમો લખાવી લેનારે ચુકવવાની રહેશે.

સદરહુ બાનાખતની મુદત આજથી માસ–............ સુધીની નકકી કરવામાં આવેલ છે પરંતુ કુદરતી હોનારત જેવી કે ભુકંપ, પુર, વરસાદ, વાવાઝોડુ કે અન્ય કોઈપણ કુદરતી કારણોસર, તેમજ સરકારશ્રીના વખતો વખતના નીયમોનુસારના નોટીસ, કાયદા, કે અન્ય કોઈપણ નોટીફીકેશનના કારણોસર સદરહુ મીલકતના બાંધકામ અંગે નવી કોઈપણ મંજુર મેળવવાની થાય અને તેને કારણે સદરહુ મીલકતનું બાંધકામ પુર્ણ કરવામાં વીલંબ કે મોડુ થાય તો આ બાનાખતની મુદત આપોઆપ વધેલી ગણવામાં આવશે.

વધુમાં અમો લખી આપનાર નીયત કરેલ સમય મર્યાદામાં બાંધકામ પુર્ણ કરી પઝેશન આપવામાં નીષ્ફળ જઈએ તો વાર્ષીક ૧૨% ના દરે વ્યાજ ચુકવવાનું રહેશે તેમજ નીયત કરેલ સમય મર્યાદામાં તમો લખાવી લેનાર બાકીની રકમ ચુકતે ચુકવી ના આપો તો તમો લખાવી લેનારે વાર્ષીક ૧૨% ના દરે વ્યાજ ચુકવવાનું રહેશે અને જો તેમ કરવામાં તમો લખાવી લેનાર નીષ્ફળ જાવ તો અમો લખી આપનાર તમો લખાવી લેનારને ૧૫ દિવસની નોટીસ આપીને આ બાનાખત રદબાતલ કરી શકીશું અને તે બાબતમાં તમો લખાવી લેનાર કોઈપણ પ્રકારના વાંધા તકરાર કરવા હકકદાર રહેશો નહીં અને આ બાનાખત આપોઆપ રદબાતલ થયેલ ગણવામાં આવશે અને સદર મીલકત અમો લખી આપનાર અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરી શકીશું.

સદરહુ બાનાખતની મુદતમાં તમો લખાવી લેનાર અમો લખી આપનારને બાકીના અવેજની રકમ આપણ પક્ષકારો વચ્ચે નકકી થયેલ શીડયુલ મુજબ ચુકવી આપો ત્યારે સદરહુ મીલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસતાવેજ તમો લખાવી લેનારના નામનો અગર તમો લખાવી લેનાર કહો તેના નામનો અમો લખી આપનારે તમો લખાવી લેનારને કરી આપવાનો છે પરંતુ સદરહુ મીલકતના વેચાણ અવેજની ચુકતે રકમ તમો લખાવી લેનાર ના ચુકવી આપો ત્યાં સુધી સદરહુ મીલકત અમો લખી આપનારની સંમતી વગર અન્ય કોઈપણ બેંક, વ્યકિત કે સંસ્થાને કોઈપણ પ્રકારે લખી આપીને બોજામાં કે જોખમમાં નાંખી શકશો નહીં.

વધુમાં સદરહુ મીલકતનું બાંધકામ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન ધ્વારા મંજુર થયેલ પ્લાન મુજબ જ કરવામાં આવશે પરંતુ સદરહુ મીલકતના બાંધકામ કે એલીવેશનમાં તમો લખાવી લેનાર કોઈપણ પ્રકારનો ફેરફાર કરશો/કરાવશો તો તેની તમામ જવાબદારી તમો લખાવી લેનારની એકલાની રહેશે અને તેમાં અમો લખી આપનારની કોઈપણ પ્રકારની જવાબદારી ઉપસ્થિત થશે નહીં.

વધુમાં સદરહુ મીલકતનો કબજો સોંપ્યા બાદની તમામ જવાબદારી તમો લખાવી લેનારની એકલાની રહેશે અને સદરહુ મીલકતનો ઉપયોગ તમો લખાવી લેનારે અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના બાયલોઝ તેમજ સોસાયટી/એસોસીએશનના નીયમોનુસાર કરવાનો રહેશે.

સદરહુ મીલકતના ટાઈટલ્સ અંગેના તમામ ડોકયુમેન્ટસ, કાગળો, તેમજ તમામ એપ્રુવ્ડ, પ્લાન, ડીઝાઈન, અને સ્પેશીફીકેશન તમો લખાવી લેનારે જોઈ તપાસી તથા તમારા જાણકાર એડવોકેટ/સીલીસીટર્સ મારફતે ચકાસણી કરી/કરાવી લીધેલ છે જેથી સદરહુ મીલકતના રાઈટ ટાઈટલ્સ અંગે ભવીષ્યમાં તમારે કોઈપણ પ્રકારના વાંધા તકરાર ઉપસ્થિત કરવાના નથી અને જો કરો/કરાવો તે તે રદબાતલ ગણાશે વધુમાં સદરહુ મીલકતના તમામ એપ્રુવ્ડ પ્લાન, ડીઝાઈન, સ્ટ્રકચર અને સ્પેશીફીકેશન તમો લખાવી લેનારે જોઈ તપાસી તથા તમારા જાણકાર પ્રોફેશલ મારફતે ચકાસણી કરી/કરાવી લીધેલ છે જેથી સદરહુ મીલકતના એપ્રુવ્ડ પ્લાન, ડીઝાઈન, સ્ટ્રકચર અને સ્પેશીફીકેશન અંગે ભવીષ્યમાં તમારે કોઈપણ પ્રકારના વાંધા તકરાર ઉપસ્થિત કરવાના નથી અને જો કરો/કરાવો તે તે રદબાતલ ગણાશે.

સદરહુ યોજનામાં મુકવામાં આવેલ પાર્કીગ, કોમન જગ્યાઓ, તેમજ કોમન સુવીધાઓ વીગેરેની જાણકારી તમો લખાવી લેનારને આપવામાં આવેલ છે અને તેની સમજણ પુરી પાડવામાં આવેલ છે અને જે અંગે સુપુર્ણ સંતોષ થયા બાદ તમો લખાવી લેનારે સદરહુ મીલકત વેચાણ લેવાનું નકકી કરેલ છે.

સદરહુ યોજનાનો યોગ્ય અને સરળ વહીવટ થઈ શકે તે હેતુસર સદરહુ મીલકતના વખતો વખતના માલીક/કબજેદારો ભેગા મળીને કોઈપણ પ્રકારની મેઈનટેનન્સ સર્વીસ સોસાયટીનું રજીસ્ટ્રેશન કરાવે તો તે સર્વીસ સોસાયટીના દરેક યુનીટ વેચાણ રાખનાર માલીક/કબજેદારોએ ફરજીયાતપણે

સભ્ય થવાનું રહેશે તેમજ તે સર્વીસ સોસાયટીના નીતીનીયમો તથા ધારાધોરણો તથા વખતો વખત કરવામાં આવેલ ઠરાવો તથા તેવા ઠરાવોને આધારે કરવામાં આવેલ કાર્યવાહી તથા તેનો અમલ તે તમામ દરેક સભ્યને બંધનકર્તા રહેશે તે અંગે કોઈપણ સભ્યએ કોઈપણ પ્રકારનો વાંધો તકરાર લેવા લેવડાવાનો નથી અને જો કોઈ સભ્ય વાંધો તકરાર લે લેવડાવે તો તે તમામ રદબાતલ ઠરશે.

સદરહુ મીલકતના સરકારી તથા અર્ધસરકારી ટેક્ષો તથા મ્યુનીસીપલ કોર્પોરેશનના ટેક્ષના નાંણા તથા ઈલેકટ્રીક સીટી કંપનીના બરનીંગ બીલના નાણાં વેચાણ દસતાવેજ થાય ત્યા સુધીના ભરવાની તમામ જવાબદારી અમો લખી આપનારની છે અને રહેશે તેમજ ત્યાર પછીના તેવા તમામ નાણાં ભરવાની જવાબદારી તમો લખાવી લેનારના શીરે રહેશે.

સદરહુ મીલકતના વેચાણ દસતાવેજ વખતે તે દસતાવેજ અંગેનું તમામ ખરચ જેવું કે સ્ટેમ્પ, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ, વકીલ ફી, તથા સ્ટેમ્પ મુલ્યાંકન તંત્રની કલમ ૩૨(ક) મુજબ વધારાની સ્ટેમ્પ ડયુટી ઈત્યાદી તમામ ખરચ તમો લખાવી લેનારે એકલાએ ભોગવવાનો છે.

સદરહુ મીલકતના બાનામાં રૂપીયા પહોંચ્યાની વીગત જે,...

રૂા. અંકે રૂપીયા ......... પુરા અમોએ તમારી પાસેથી તારીખ– .......... ના રોજના .......... બેન્ક .......... શાખાના ચેક નંબર–.......... થી લીધા છે તે.

એ રીતે સદરહુ મીલકતના આ બાનાખતના કરારમાં બાનામાં રૂા.......... અંકે રૂપીયા .......... પુરા ઉપરની વીગતે અમો લખી આપનારે તમો લખાવી લેનાર પાસેથી પુરા કરી લીધા છે જે અમો લખી આપનારને મળ્યાનું કબુલ મંજુર રાખીએ છીએ જેની આથી આ પહોંચ છે સદરહુ રકમ પાકા વેચાણ દસતાવેજ વખતે વેચાણ કીંમતના અવેજમાં મજરે કાપી આપવાની છે અને રહેશે વધુમાં સદરહુ મીલકતના બાકી વેચાણની રકમ તમો લખાવી લેનારે અમોને નીચે શીડયુલમાં જણાવ્યા મુજબ ચુકવી આપવાની રહેશે.

## શીડયુલ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબડીસ્ટ્રીકટ અમદાવાદ–૪–પાલડી વિભાગના વેજલપુર તાલુકાના મોજે જોધપુરની સીમના બ્લોક/સરવે નંબર–૩૭૮/૧ (વેજલપુરના જુના સરવે નંબર–૧૦૫૧+૧૦૫૫ પૈકી) ની ૪૨૪૪ ચોરસમીટર જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમમાં થવાથી ટી.પી.સ્કીમ નંબર–૫૧ ના ફાઈનલ પ્લોટ નંબર–૬૪/૧ ની ૨૮૦૨ ચોરસમીટર વાણીજયના હેતુવાલી બીનખેતીની પરવાનગીવાલી જમીનમાં આવેલ "Bsquare-I" (Binori Business square) એ નામની યોજનામાં .......... ફલોર ઉપર આવેલ શો–રૂમ/ઓફીસ નંબર–....... સમચોરસમીટર– ....... (બીલ્ટઅપ), સમચોરસમીટર–....... (કારપેટ) ના બાંધકામવાલી મીલકત તથા યોજનાની જમીનમાં વરાડે પડતાં વણ વહેંચાયેલ સમચોરસમીટર– ....... ના હકકો સહીતની મીલકત.

સદર મીલકતના ખુંટચારની વીગત,...

પુરવે :–

પશ્ચીમે :–

ઉત્તરે :–

દક્ષીણે :–

સદરહુ તમો લખાવી લેનારના બાનાખતના હકકોને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય અમો લખી આપનારે કરવાનું નથી.

સદરહુ મીલકતને લગતાં તમામ અસલ કાગળો અમો લખી આપનારે પાકા રજીસ્ટર્ડ વેચાણ દસતાવેજ વખતે તમો લખાવી લેનારને સોંપવાના રહેશે અથવા જો તમો લખાવી લેનારે બેંકમાંથી લોન મેળવેલ હોય તો તે દસતાવેજ જે તે લોન આપનાર બેંકને સોંપવાના રહેશે.

આ બાનાખતની મુદત દરમ્યાન RERA અથવા રાજય સરકારે નકકી કરેલ નિયમમાં કોઈપણ પ્રકારનો ફેરફાર, સુધારો, વધારો, કે નોટીફીકેશન કરવામાં આવે કે રૂલ નિયત કરવામાં આવે તો તે અમો લખી આપનાર તથા તમો લખાવી લેનારને બંધનકર્તા રહેશે અને સદર મીલકતનો પાકો વેચાણ દસતાવેજ કરતી વખતે જે તે સમયે પ્રર્વતમાન કાયદા અન્વયે વેચાણ દસતાવેજ કરવામાં આવશે જેમાં કોઈપણ પક્ષકારે વાંધા તકરાર ઉપસ્થિત કરવા/કરાવવાના રહેશે નહીં.

સદરહુ મીલકત ઉપર કોઈપણ બેંક, વ્યકિત, શરાફી પેઢી કે નાણાકીય સંસ્થાનો કોઈનો કોઈપણ પ્રકારનો બોજો આવેલ નથી તેમજ સદરહુ મીલકત

બાબતે કોઈપણ શખ્સ સાથે સોલવંશી સર્ટીફીકેટ કઢાવેલ નથી તેમજ સદરહુ મીલકત બાબતે કોઈપણ શખ્સ સાથે કોઈપણ કોર્ટમાં કોઈપણ જાતના લીટીગેશન કે પ્રોસીડીંગ્સ ચાલુ નથી કે પેન્ડીંગ નથી તેમજ સદરહુ મીલકત કોઈપણ કોર્ટની જપ્તી કે અવ્વલ જપ્તીમાં નથી તેમજ સદરહુ મીલકત પરત્વે કોઈપણ શખ્સનો કબજા હકક ખોરાકી પોશાકીનો હકક કે ભરણ પોષણનો હકક નથી તેવી તમામ બાબતનો પાકો વીશ્વાસ અને ભરૂસો આપી તે બાબતનો આ બાનાખતના કરારનો દસતાવેજ અમો લખી આપનારે અમારી રાજીખુશીથી તથા અકકલ હોંશીયારીથી વાંચી સમજી વિચારી કોઈપણ જાતના દાબ દબાણ સીવાય સભાન અવસ્થામાં તમો લખાવી લેનારને લખી આપેલ છે જે અમો લખી આપનાર ભાગીદારી પેઢીને તથા પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો ઈત્યાદી તમામને તથા તમો લખાવી લેનારને તથા તમો લખાવી લેનારના વંશ વાલી વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે ઉપર લખ્યું તે સહી છે.

તારીખ–

અતરે.............................................મતુ અતરે.............................................શાખ.

**લખી આપનાર** **સાક્ષી**

બિનોરી બિલ્ડકોન એ
નામની ભાગીદારી પેઢીના વતી
તેના વહીવટકર્તા ભાગીદાર...

૧–.............................................

.............................................

૨–.............................................

શ્રી વિષ્ણુભાઈ કૈલાસભાઈ શર્મા

**રજીસ્ટ્રેશન અધિનિયમની કલમ–૩૨(અ) મુજબનું પરીશીષ્ટ**

**લખી આપનાર**

બિનોરી બિલ્ડકોન એ

નામની ભાગીદારી પેઢીના વતી

તેના વહીવટકર્તા ભાગીદાર...

...........................................................................

શ્રી વિષ્ણુભાઈ કૈલાસભાઈ શર્મા

**લખાવી લેનાર**

...........................................................................